નં:-જીઆઈડીસી/વિત/રસુ/ઓએન્ડએમ/સીઆઈઆર/
એચએન્ડએ/કોમ્યુનીટી હોલ/પીઓએલ/૨૦૦૫/૯૭
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ
વડી કચેરી, ઉધોગ ભવન,ગાંધીનગર.
તા.૨૯- ૦૩ - ૨૦૦૫.

પ રિ પ ત્ર

વિષયઃ-- **નિગમની જુદી જુદી વસાહતોમાં કોમ્યુનીટી હોલ માટે જમીનની ફાળવણીની સર્વગ્રાહી નીતિ નકકી કરવા બાબત.**

નિગમ ધ્વારા વિકસાવવામાં આવતી ઔધોગિક વસાહતોમાં ઉધોગો તેમના રોજબરોજની કામગીરી અને પ્રશ્નો માટે મળી શકે અને નિગમ સાથેના પ્રશ્નો અંગે સંવાદીતા જળવાઈ અને નિરાકરણ થઈ શકે તે હેતુથી નિગમની પ્રત્યેક વસાહતમાં માન્ય વસાહત મંડળને વસાહત મંડળની કચેરી તેમજ કોમ્યુનીટી હોલ બાંધવા જમીન ફાળવવામાં આવે છે. કેટલીક વસાહતોમાં વસાહત મંડળને કોમ્યુનીટી હોલ માટે જમીનના વિકલ્પે બાંધકામ કરેલ અસ્કયામતોની ફાળવણી થયેલી છે. નિગમની અલગ અલગ ઔધોગિક વસાહતોમાં કોમ્યુનીટી હોલ માટે વિવિધ એસોસીએશનોને જમીનની ફાળવણી બાબતમાં અલગ અલગ ધોરણો ધ્યાને આવ્યા હતા. એસોસીએશન તરફથી કોમ્યુનીટી હોલ માટે ફાળવવામાં આવેલી જમીનો અંગે રજુઆતો હતી આ સંજોગોમાં વસાહત મંડળને કોમ્યુનીટી હોલ માટે ફાળવણી જમીનમાં એક સુત્રતા જળવાઈ રહે તે હેતુથી એક કાર્યસૂચિ નિગમની તા.૧૦/૦૨/૨૦૦૫ નારોજ મળેલ ૪૧૯ મી સભા સમક્ષ રજુ કરવામાં આવી હતી તેના ઠરાવ ક્રમાંક--૨૬/વિતરણ/૪૧૯/૨૦૦૫ મુજબ વસાહતની કદના આધારે નીચે દર્શાવ્યા મુજબનો વિસ્તાર વસાહત મંડળને તેની કચેરી તથા કોમ્યુનીટી હોલ માટે ફાળવવા નિર્ણય થયો છે.

| વસાહતનું કદ | કોમ્યુનીટી હોલ માટે ફાળવવાનો વિસ્તાર |
|---|---|
| ૫૦ હેકટર કરતા નાના કદની વસાહતના કિસ્સામાં | ૫૦૦ ચો.મી. |
| ૫૦ હેકટરથી મોટા પરંતુ ૫૦૦ હેકટરથી નાની વસાહતના કિસ્સામાં | ૧૦૦૦ ચો.મી. |
| ૫૦૦ હેકટરથી મોટી વસાહતના કિસ્સામાં | ૨૦૦૦ ચો.મી. |

ઉપરોકત વિસ્તાર માન્ય વસાહત મંડળને કોમ્યુનીટી હોલ તથા વસાહત મંડળની કચેરીના બાંધકામ માટે પ્રતિ ચો. મી. રૂા.૧/- ની કિંમતે ફાળવવાનો થાય છે, કોઈ વસાહત મંડળ ધ્વારા મોટા પ્લોટ અંગેની રજુઆતોના કિસ્સામાં વસાહતના કદને ધ્યાને લેતા જે વિસ્તાર મળવાપાત્ર બનતો હોય તેના ૫૦ % ની મર્યાદામાં વધારે વિસ્તાર વસાહતની પ્રવર્તમાન વિતરણ કિંમત એકી સાથે વસુલ મેળવી ફાળવવાનો થશે. અગાઉ જે કિસ્સાઓમાં વસાહત મંડળને પ્લોટ કે મિલ્કત ફાળવવામાં આવ્યા હોય અને તેના કબજા વસાહત મંડળે મેળવ્યા હોય તેવા કિસ્સાઓ પુનઃ જીવીત કરી શકાશે નહી.

આ અંગેની મંજુરી આપવાના સત્તાધિકારો નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી પાસે રહેશે.

આ પરિપત્ર મળ્યાની પહોંચ વડી કચેરીમાં રહેણાંક સુવિધા શાખાને મોકલી આપવી.

સહી/--
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

- નિગમના તમામ અધિકારીઓ.
- નિગમની વસાહતમંડળના પ્રમુખશ્રીઓ.
- ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન.

રવાના કર્યુ.
મેનેજર(મહેકમ)